વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને પ્રથમ અને બીજા હપ્તા પેટે કુલ રૂ.૧૦૦.૦૦ લાખની મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૦૨-૯૮૮-અ.૧(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૩/૧૦/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૬/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./ ૨૦૨૨-૨૩/૮૭૧

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) માટે રૂ.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી ઉક્ત સમાન ફાળાની ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની (અંકે રૂપિયા એકસો લાખ પુરા) મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૬) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજુ કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૮ ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

JPVasava
(જે. પી. વસાવા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

→

નકલ રવાનાઃ-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેકટ ફાઇલ